વર્ગ બઢતી ધો-૯ અને ધો-૧૧

સૂચનાઓમાં સુધારો

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૨૯૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી જુના સચિવાલય પાસે
ગાંધીનગર
તા.૨૬/૦૪/૨૦૨૦

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦૨૦ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના પરિણામ પત્રક અને શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.) આપવા માટે ધ્યાનમાં લેવાની સૂચનાઓ બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૬/૨૬૭ તા.૨૭/૦૯/૨૦૧૬
(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૧૯૬-૪૨૧૬ તા.૨૭/૦૮/૨૦૧૮
(૩) શિક્ષણ વિભાગના તા.૨૪/૦૩/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ
(૪) અત્રેની કચેરીના પત્રકમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૨૯૫ તા.૨૩/૦૪/૨૦૨૦

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, હાલમાં નોવેલ કોરાના વાયરસ (COVID-19) ને કારણે સમગ્ર વિશ્વમાં વૈશ્વિક મહામારી તરીકે WHO દ્વારા જાહેર કરેલ છે. તેના અનુસંધાને સંદર્ભદર્શિત પત્ર-૩ થી શિક્ષણ વિભાગે ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦૨૦ માટે "માસ પ્રમોશનથી" પાસ જાહેર કરીને ઉપલા ધોરણમાં લઈ જવા અંગેનો નિર્ણય કરેલ છે.તેના અનુસંધાને સંદર્ભદર્શિત પત્ર-૪ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામ પત્રક તૈયાર કરવા માટેની વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ હતી. ઉકત સૂચનાઓમાં સુધારો કરીને પુન: સૂચનાઓ આપવામાં આવે છે. અગાઉ સંદર્ભદર્શિત પત્ર-૪ની સૂચનાઓ ના બદલે આ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

પ્રથમ પરીક્ષા (૫૦ ગુણ), દ્વિતિય પરીક્ષા (૫૦ ગુણ), વાર્ષિક પરીક્ષા (૮૦ ગુણ) અને આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) લેવાતી હોય તેવા વિષયો માટે :-

- શાળાઓ દ્વારા શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦૨૦ માં પ્રથમ પરીક્ષા (૫૦ ગુણ), દ્વિતિય પરીક્ષા (૫૦ ગુણ) અને આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) પરીક્ષા લેવાયેલ છે જ્યારે શાળાઓમાં વાર્ષિક પરીક્ષા (૮૦ ગુણ) લેવાયેલ નથી. પરિણામ પત્રક તૈયાર કરવા માટે પ્રથમ પરીક્ષા (૫૦ ગુણ), દ્વિતિય પરીક્ષા (૫૦ ગુણ) અને આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) એમ કુલ ૧૨૦ ગુણની પરીક્ષા યોજાયેલ છે. ઉક્ત કુલ ૧૨૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરીત કરીને પરિણામ તૈયાર કરવાનું રહે અને વાર્ષિક પરીક્ષાના પરિણામના ખાનામાં વિષયવાર ૧૨૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરીત કરીને જે તે વિષયના ખાનામાં આ ગુણ લખવાના રહેશે. વિદ્યાર્થી જે તે વિષયમાં

Scanned with CamScanner

૩૩ ટકા કે તેથી વધુ ગુણ મેળવે તો તે વિષયમાં તે પાસ ગણાય અને જો પરિણામમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓને E ગ્રેડ (૩૩ ટકાથી ઓછા ગુણ) આવે તેવા સંજોગોમાં સિદ્ધિ ગુણ એકંદરે ૩૩ ટકાથી વધુ ગુણ મેળવનારને દરેક ટકા દીઠ એક(૦૧) ગુણ અને વધુમાં વધુ ૧૫ ગુણની મર્યાદામાં રહીને પાસ થવા માટે ખૂટતા ગુણ આપી શકાશે. આવો લાભ એક કે વધુ વિષયોમાં આપી શકાશે અને તે વત્તા(+) કરી અલગ ગુણ દર્શાવવાના રહેશે. (દા.ત. 30+3) આમ સિદ્ધિ ગુણને કુલ ગુણની ગણતરીમાં સમાવેશ કરવો નહી પરંતુ સિદ્ધિ ગુણ મેળવનાર વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે. સિદ્ધિ ગુણ આપવા છતાં તેવા વિદ્યાર્થીઓને E ગ્રેડ (૩૩ ટકાથી ઓછા ગુણ) આવે તો તેવા વિદ્યાર્થીઓને એક કે તેથી વધુ વિષયોમાં અનઉતિર્ણ (નાપાસ) થનાર વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં બઢતી મળી શકે તે માટે શાળાના આચાર્ય વિદ્યાર્થીની ઉતિર્ણ(પાસ) થવા માટે ખૂટતા જરૂરી કૃપા ગુણ આપી શકશે. (વર્ગ બઢતીના નિયમો મુજબ હાલની જોગવાઇ મુજબ આચાર્ય વધુમાં વધુ ૧૦ ગુણની મર્યાદામાં ખૂટતા જરૂરી કૃપા ગુણ આપી શકે છે. પરંતુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે કૃપા ગુણની મર્યાદા રદ કરવામાં આવે છે. એટલે કે આચાર્ય ૧૦ ગુણ થી વધુ અને વિદ્યાર્થીને પાસ થવા માટે ખૂટતા હોય તેટલા કૃપા ગુણ આપી શકશે.) આ કૃપા ગુણ પણ વત્તા(+) અલગ ગુણ દર્શાવવાના રહેશે. (દા.ત.૨૮+૫) આવા વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે નહીં. અને આવા વિદ્યાર્થી પાસ ગણાશે. સામાન્ય સંજોગોમાં કૃપા ગુણ આપીને જે રીતે ઉપલા ધોરણમાં બઢતી આપવામાં આવે છે તેજ રીતે આવા વિદ્યાર્થીઓને ઉપલા ધોરણમાં પ્રવેશ માટે પાસ ગણવાના રહેશે અને પરિણામ પત્રકના પરિણામના ખાનામાં સામાન્ય સંજોગોમાં કૃપા ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીના કિસ્સામાં જે વિગતો દર્શાવવામાં આવે છે તેવી રીતે જ દર્શાવવાની રહેશે.

વાર્ષિક પરીક્ષા (સૈદ્ધાંતિક પરીક્ષા-૪૦ ગુણ અને પ્રાયોગિક પરીક્ષા-૪૦ ગુણ કુલ ૮૦ ગુણ) અને આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) લેવાતા હોય તેવા વિષયો માટે :-

- જે વિષયોની પરીક્ષા વર્ષમાં માત્ર એકજ વાર વાર્ષિક પરીક્ષા લેવાની જોગવાઈ છે તેવા વિષયોની પરીક્ષા લેવાયેલ નથી. તેથી તે વિષયોના ગ્રેડ વર્ષ દરમિયાન કરેલ આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરીત કરીને તે વિષયના ગ્રેડના ખાનામાં ગ્રેડ દર્શાવવાનો રહેશે જો તે વિષયમાં E ગ્રેડ (૩૩ ટકાથી ઓછા ગુણ) આવે તેવા સંજોગોમાં ઉપર જણાવ્યા અનુસાર સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ આપીને ઉમેદવારને પાસ કરવાનો રહેશે.
- ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ તેમજ ધોરણ-૧૧ અન્ય પ્રવાહના જે વિષયોની પ્રાયોગિક પરીક્ષા વાર્ષિક યોજવાની હતી તે પ્રાયોગિક પરીક્ષા યોજાયેલ નથી. તેથી આવા પ્રાયોગિક વિષયમાં ગુણને બદલે (--) દર્શાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીને પ્રાયોગિક વિષયમાં પાસ જ ગણવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીને વાર્ષિક પરીક્ષામાં સૈદ્ધાંતિક વિષયોમાં કુલ ૧૨૦ ગુણમાંથી ૧૦૦ ગુણમાં રૂપાંતર કર્યા બાદ સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ આપવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીને પાસ થવા માટે સિદ્ધિ ગુણ તેમજ કૃપા ગુણ આપવા ફરજિયાત છે.
- આ રીતે મેળવેલ સિદ્ધિ ગુણ કે કૃપા ગુણનો કુલ ગુણની ગણતરીમાં સમાવેશ કરવો નહી.
- સદર જોગવાઈ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં અપવાદરૂપ સંજોગોમાં જ કરવામાં આવેલી છે અને તે માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ પુરતી જ છે તે સૌ શાળાઓએ ધ્યાને લેવાની રહેશે.

Scanned with CamScanner

- દર વર્ષની જેમ તમામ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ ઉપરની જોગવાઈઓ મુજબ પરિણામ તૈયાર કરી પરિણામ પત્રક આપવાનું રહેશે. (પરિણામ પત્રકનો નમૂનો અને તે અંગેની સૂચનાઓ પરિશિષ્ટ-૧ માં સામેલ છે.)
- કોઇ વિદ્યાર્થી એક શાળામાંથી અન્ય શાળામાં પ્રવેશ મેળવે તેવા કિસ્સામાં શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.) આપવાનું થાય તો શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.)ની વિગતોમાં સામાન્ય સંજોગોમાં જે રીતે વિગતો દર્શાવવામાં આવે છે તે જ રીતે વિગતો દર્શાવવાની રહેશે

વિદ્યાર્થીઓના પરિણામ પત્રક તૈયાર કરવાની કામગીરી જે તે જિલ્લાના વહીવટ તંત્ર દ્વારા નોવેલ કોરોના વાયરસ (COVID-19) ની પરિસ્થિતિને ધ્યાને લઈ અવર જવર માટે બહાર પાડવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઈને શાળાના આચાર્યશ્રીએ પાલન કરીને કરવાની રહેશે.

આ અંગે આપના તાબા હેઠળની તમામ સરકારી શાળાઓ, ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ અને સ્વનિર્ભર શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:-</u>

(૧) સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(3) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, જુના સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના યોગ્ય તે કાર્યવાહી અર્થે :-</u>

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નોંધાયેલ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ જાણ અને અમલવારી સારૂ.

(૨) સંયુક્ત નિયામક, સંશોધન શાખા, સદર કચેરી

Scanned with CamScanner

## પરિશિષ્ટ-૧

## વર્ષ-૨૦૧૯-૨૦૨૦ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓનું પરિણામ પત્રકનો નમૂનો અને તેની સૂચનાઓ

### પરિણામ પત્રકનો નમૂનો

| વિષય | પ્રથમ પરીક્ષા ગુણ | દ્વિતિય પરીક્ષા ગુણ | આંતરિક મૂલ્યાંકનના ગુણ | વાર્ષિક પરીક્ષાના ગુણ | કુલ ગુણ | મેળવેલ ગુણ | સિદ્ધિ ગુણ | કૃપા ગુણ | ગ્રેડ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૫૦ | ૫૦ | ૨૦ | ૮૦ | ૧૨૦ | ૧૦૦ | ૧૫ | ખૂટે તેટલા | | |
| ગુજરાતી | ૨૨ | ૩૭ | ૧૬ | (COVID-19) ના કારણે વાર્ષિક પરીક્ષા યોજવામાં આવેલ નથી જેથી ગુણાંકન દર્શાવેલ નથી. | ૭૫ | ૬૩ | | | B | ૬૧.૮૫ |
| હિન્દી | ૨૫ | ૨૯ | ૧૨ | | ૬૬ | ૫૫ | | | C+ | |
| અંગ્રેજી | ૨૧ | ૨૬ | ૧૭ | | ૬૪ | ૫૩ | | | C+ | |
| સંસ્કૃત | ૩૯ | ૩૬ | ૧૬ | | ૯૧ | ૭૬ | | | B+ | |
| સામાજિક વિજ્ઞાન | ૧૬ | ૩૯ | ૧૬ | | ૭૧ | ૫૯ | | | C+ | |
| ગણિત | ૨૬ | ૩૦ | ૧૩ | | ૬૯ | ૫૮ | | | C+ | પરિણામ |
| વિજ્ઞાન | ૩૫ | ૩૨ | ૧૫ | | ૮૨ | ૬૮ | | | B | પાસ |
| ચિત્રકામ | - | - | ૧૦ | | - | - | | | C | |
| સ્વા. અને શા.શિક્ષણ | - | - | ૧૫ | | - | - | | | B+ | |
| કમ્પ્યુટર | - | - | ૧૮ | | - | - | | | A+ | |
| કુલ ગુણ | ૧૮૪ | ૨૨૯ | | | ૫૧૮ | ૪૩૨ | | | | |
| કુલ ગુણ | ૭૦૦ માંથી ૪૩૨ | | | | | | | | | |

<u>નોંધ:-</u> પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયોમાં મેળવેલ ગુણનો સરવાળો કુલ ગુણમાં ગણતરીમાં લેવાનો નથી. તેમજ તે વિષયો માટે ગ્રેડના ખાનામાં મેળવેલ ગુણના આધારે ગ્રેડ દર્શાવવાનો રહેશે.

(દા.ત. ચિત્રકામમાં આંતરિક મૂલ્યાંકનના મેળવેલ ૧૦ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરતા ૫૦ ગુણ થાય જે નીચેની સુચના ક્રમ-૭ માં દર્શાવેલ કોષ્ટક મુજબ ગ્રેડ "C" થાય.)

<u>પરિણામ પત્રક તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની સૂચનાઓ:-</u>

1. નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના કારણે વાર્ષિક પરીક્ષા યોજવામાં આવેલ નથી જેથી વાર્ષિક પરીક્ષાના ગુણના ખાનામાં ગુણના બદલે "(COVID-19) ના કારણે વાર્ષિક પરીક્ષા યોજવામાં આવેલ નથી જેથી ગુણાંકન દર્શાવેલ નથી."

Scanned with CamScanner

2. વાર્ષિક પરીક્ષા યોજાયેલ ન હોવાના કારણે કુલ ગુણના ખાનામાં ૨૦૦ ગુણના બદલે પ્રથમ પરીક્ષા, દ્વિતિય પરીક્ષા અને આંતરિક મૂલ્યાંકનના કુલ ૧૨૦ ગુણમાંથી ગુણાંકન કરીને વિષયવાર ગુણ દર્શાવવાના રહેશે.
3. પ્રાયોગિક પાસા સિવાયના વિષયો માટે મેળવેલ ગુણના ખાનામાં ૧૨૦ ગુણમાંથી મેળવેલ વિષયવાર ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરીને દર્શાવવાના રહેશે.
4. જ્યારે પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયોમાં જો આંતરિક મૂલ્યાંકનના ગુણ આપવાની જોગવાઈ હોય તેવા વિષયોમાં આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાંથી ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરીને તેના આધારે ગ્રેડ નક્કી કરીને ગ્રેડના ખાનામાં ફક્ત ગ્રેડ દર્શાવવાનો રહેશે. (ઉપર દર્શાવેલ નમૂનામાં ચિત્રકામમાં આંતરિક મૂલ્યાંકનના ૧૦ ગુણ છે જેને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરતા ૫૦ ગુણ થાય, નીચે દર્શાવેલ ક્રમ-7 મુજબના કોષ્ટકમાં ગ્રેડ વર્ગીકરણ દર્શાવેલ છે તે મુજબ તે ૪૧ થી ૫૦ ગુણના ગ્રેડ વર્ગીકરણમાં આવતા હોય તેનો ગ્રેડ "C" દર્શાવેલ છે.
5. જે વિદ્યાર્થીએ દરેક વિષયમાં ૩૩ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ છે એટલે કે તમામ વિષયોમાં પાસ થાય છે તેવા વિદ્યાર્થીઓના કિસ્સામાં તેઓ જે પરિણામ મેળવતા હોય તે પરિણામ અને ટકા નિયત ખાનામાં દર્શાવવાના રહેશે.
6. ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ તેમજ ધોરણ-૧૧ અન્ય પ્રવાહના જે વિષયોની પ્રાયોગિક પરીક્ષા વાર્ષિક યોજવાની હતી તે પ્રાયોગિક પરીક્ષા યોજાયેલ નથી. તેથી આવા પ્રાયોગિક વિષયમાં ગુણને બદલે (--) દર્શાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીને પ્રાયોગિક વિષયમાં પાસ જ ગણવાના રહેશે.
7. ગ્રેડ વર્ગીકરણનું કોષ્ટક

| ગ્રેડ વર્ગીકરણ | | |
|---|---|---|
| ક્રમ | મેળવેલ ગુણ | ગ્રેડ |
| ૧ | ૯૧ થી ૧૦૦ | A+ |
| ૨ | ૮૧ થી ૯૦ | A |
| ૩ | ૭૧ થી ૮૦ | B+ |
| ૪ | ૬૧ થી ૭૦ | B |
| ૫ | ૫૧ થી ૬૦ | C+ |
| ૬ | ૪૧ થી ૫૦ | C |
| ૭ | ૩૩ થી ૪૦ | D |
| ૮ | ૩૩ થી ઓછા | E |

Scanned with CamScanner